Seat No. : ______________

# MB-145

**March-2019**

**M.A., Sem.-I**

**402 : Gujarati**

**(ભારતીય સાહિત્ય મીમાંસા)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (a) રસનિષ્પત્તિની પ્રક્રિયા સમજાવી તે સંબંધી વિવિધ મંતવ્યોની તુલનાત્મક દૃષ્ટિએ ચર્ચા કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(i) સાધારણીકરણ **7**

(ii) રસપ્રતીતિના વિઘ્નો **7**

(b) ટૂંકમાં જવાબ લખો : (ચાર) **4**

(1) નાટ્યકલાની ચર્ચા કરતા આચાર્ય ભરતના ગ્રંથનું શીર્ષક જણાવો.

(2) આચાર્ય ભરતમુનિના મતે સ્થાયી ભાવોની સંખ્યા કેટલી ?

(3) રતિ સ્થાયી ભાવના પરિણામે કયો રસ નિષ્પન્ન થાય છે ?

(4) વિભાવના કયા બે પ્રકાર પાડવામાં આવે છે ?

(5) શ્રી શંકુકનો મત કયા નામે જાણીતો બન્યો છે ?

(6) રસનિષ્પત્તિ અંગેનો ઉત્પત્તિવાદ કયા આચાર્યએ રજૂ કર્યો હતો ?

2. (a) 'ધ્વનિ' સંજ્ઞા સમજાવી આચાર્ય આનંદવર્ધને આપેલા ધ્વનિ કાવ્યના મુખ્ય વિભાગો અને પ્રકારોની સદૃષ્ટાંત ચર્ચા કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(i) રસ અને ધ્વનિનો સંબંધ **7**

(ii) ધ્વનિના પ્રકારો **7**

(b) કોઈપણ **ચાર** પ્રશ્નોના જવાબ લખો : **4**

(1) 'ધ્વન્યાલોક' ગ્રંથના લેખકનું નામ જણાવો.

(2) આનંદવર્ધનની દૃષ્ટિએ અર્થના બે ભેદો કયા ?

(3) ધ્વનિ વિરોધી ત્રણ મત જણાવો.

(4) જ્યાં કોઈ મનોભાવ કે મનોદશા વ્યંજિત થતી હોય ત્યાં 'રસધ્વનિ' છે એમ કહેવાય – વિધાન સાચું કે ખોટું ?

(5) વ્યંજિત થતો અર્થ જ્યારે અલંકારરૂપ હોય ત્યારે એ વસ્તુ ધ્વનિનું ઉદાહરણ છે એમ કહેવાય – વિધાન સાચું કે ખોટું ?

(6) ધ્વનિ – સિદ્ધાંતના પ્રવર્તક આચાર્યનું નામ જણાવો.

3. (a) 'વક્રોક્તિ એ કાવ્યનું જીવન છે' કુંતકે આપેલી વ્યાખ્યાનું વિવરણ કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(i) કુંતકની દૃષ્ટિએ વક્રતા સિદ્ધિનાં ત્રણ માર્ગો **7**

(ii) કુંતકે દર્શાવેલ વક્રતાના પ્રકારો **7**

(b) કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : **3**

(1) વક્રોક્તિ વિચારની રજૂઆત કરતા કુંતકના ગ્રંથનું શીર્ષક જણાવો.

(2) કુંતકે વક્રતાના દર્શાવેલ માર્ગો પૈકી અંતિમ માર્ગ કયો ?

(3) કુંતકે વક્રતાના કેટલા માર્ગ ગણાવ્યાં છે ?

(4) 'વૈદગ્ધ્ય ભંગિ ભણિતિ' કયા મીમાંસકે આપેલી વ્યાખ્યા છે ?

(5) કુંતકે કવિતા વ્યાપારની વક્રતાના કેટલા પ્રકાર પાડ્યા છે ?

4. (a) જગન્નાથની રમણીયતાની વિભાવના સદૃષ્ટાંત સમજાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(i) જગન્નાથની દૃષ્ટિએ કાવ્યનાં પ્રકારો **7**

(ii) પ્રતિભા વિશે જગન્નાથ **7**

(b) કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો : **3**

(1) પંડિત જગન્નાથ કઈ સદીમાં થયેલા મીમાંસક છે ?

(2) પંડિત જગન્નાથના કાવ્યમીમાંસા વિષયક ગ્રંથનું શીર્ષક જણાવો.

(3) પંડિત જગન્નાથે કાવ્યનાં કેટલા પ્રયોજનો સ્વીકાર્યા છે ?

(4) પંડિત જગન્નાથ કયા મોગલ વંશના સમકાલીન હતાં ?

(5) સાહિત્ય ઉપરાંત કઈ કળાનો જગન્નાથ જ્ઞાતા હતો ?